# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- નર્મદા બંધમાં પાણીની ભરપૂર આવકના પગલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં નર્મદાનું પાણી પહોંચાડવાનો રાજ્ય સરકારનો નિર્ણય
- અમેરિકાના ડલ્લાસ ખાતે યોજાયેલી ફર્સ્ટ યુનાઇડેટ ગુજરાતી કન્વેન્શનમાં વધુને વધુ ઉદ્યોગકારો ગુજરાતમાં રોકાણ કરે તેવું રાજ્ય સરકારનું આહ્વાન
- સુરતના પુણાગામ ખાતે વગર પરવાને વિવિધ કોસ્મેટીક બનાવટોનું ઉત્પાદન કરતી ફેક્ટરી ઝડપી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
- રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના અત્યાર સુધીમાં 163 કેસ... અત્યાર સુધીમાં રાજ્યમાં 73 દર્દીઓના મોત
- હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આજે અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તિરંગા યાત્રાને પ્રારંભ કરાવશે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## NARMDA WATER DISTRIBUTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર સરોવર બંધમાં પાણીની આવકમાં વધારો થતાં આ પાણી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં ખેડૂતો અને નાગરિકોને પૂરૂં પાડવાનો નિર્ણય લીધો છે.

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, બોટાદ, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લાઓના કુલ 40 જળાશયોને જુદીજુદી સૌની યોજનાની 4 પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવા રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે. હાલ આ પાઈપલાઈનો દ્વારા 1 હજાર 300 ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને આ જળાશયમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે. તેવી જ રીતે ઉત્તર ગુજરાતના તળાવોમાં પાણી પહોંચાડવામાં આવશે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓના કુલ 952 તળાવોને જુદીજુદી 13 પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવાનું આગોતરું આયોજન કર્યું છે.હાલ આ પાઈપ લાઈનો દ્વારા 1 હજાર ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને આ તળાવોમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે.

સરકાર દ્વારા હાલ પીવાના પાણીના જથ્થા માટે અનામત હોય તેવા જળાશયોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે

---

- ઇન્ફો કરણ

-(NAVIN)

# WEATHER

હવામાન વિભાગે આજે દિવસ દરમિયાન રાજ્યમાં 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. આ ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા સહિતના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં મધ્યમથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે..

હવામાન વિભાગે આ તમામ વિસ્તારો માટે આજે યલો એલર્ટ પણ જાહેર કર્યું છે.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# KANU DESAI - USA VISIT

સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાના ડલ્લાસ ખાતે “વન ગુજરાત, વન ગુજરાતી વન વૉઇઝ” ના સૂત્ર સાથે “ફર્સ્ટ યુનાઇટેડ ગુજરાતી કન્વેન્શન 2024” યોજાઈ ગઈ. ફેડરેશન ઑફ ગુજરાતી એસોસિએશન દ્વારા ગત 2 થી 4 ઑગસ્ટ દરમિયાન યોજાયેલી આ પરિષદમાં રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ અને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદ અંગે નાણામંત્રી કનુ દેસાઈએ આ મુજબ જણાવ્યું કે, અમેરિકામાં 44 કરોડની વસતિમાં વસતા ગુજરાતીઓ ડલાસ ખાતે એકત્રિત થયા હતા. દરમિયાન રાજ્યમાં વધુને વધુ ઉદ્યોગકારો આવે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. નાણામંત્રીએ કહ્યું, અમેરિકામાં સેમિ-કંડક્ટર ચિપ બને છે. રાજ્યમાં રોકાણ માટે હવે અમેરિકાથી જમીન સહિતની જરૂરિયાતોની માગડ આવશે.

## (બાઈટ – કનુ દેસાઈ, નાણામંત્રી)

----------------

PTC-GANDHINAGAR-DURGESH MEHTA, PRAVESH ADIACHA,SSS, SONAL

# SURAT- FAKE COSMETIC

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ સુરતના પુણાગામ અને મોટા વરાછા ખાતે દરોડા પાડી વગર પરવાને વિવિધ કોસ્મેટીક બનાવટોનું ઉત્પાદન કરતા એકમોનો પર્દાફાશ કર્યો છે.

તપાસ દરમ્યાન ૨૩.૭૦ લાખનો રૂપિયાનો બનાવટી કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તંત્રએ સૂરતના મોટા વરાછા ખાતે વગર પરવાને અન્ય કંપનીના નામ, સરનામા તથા અન્યના લાયસન્સ નંબરનો ઉપયોગ કરી કોસ્મેટીક બનાવટ્નું ઉત્પાદન કરતા વ્યક્તિને ઝડપી પાડીને ૪.૩૦ લાખ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો છે.

તેવી જ રીતે પુણાગામ ખાતે અલગ અલગ બ્રાન્ડના લેબલ વાળી કોસ્મેટીક બનાવટોનો જથ્થો મોટી માત્રામાં મળી આવ્યો હતો. જેમા ખોટા લેબલવાળા કોસ્મેટિકનુ ઓનલાઇન પ્લેટફોર્મ પર વેચાણ કરતા એક શખ્સને પકડી પાડીને આશરે ૨૦ લાખ રૂપિયાનો મુદામાલ જપ્ત કરવામા આવ્યો છે. તપાસ દરમ્યાન ૯ નમુનાઓ લઈ તેને પૃથ્થકરણ અર્થે ખોરાક અને ઔષધ પ્રયોગશાળા ખાતે મોકલવામાં આવ્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉક્ટર એચ. જી. કોશિયાએ જણાવ્યું કે રાજ્યમાં દવા અને કોસ્મેટિક નમૂનાનું પરીક્ષણ કરીલ ભેળસેલ કરતાં તત્વો સામે કડક કાર્યવાહી કરવાં આવી રહી છે.

---

- પીટીસી ગાંધીનગર કરણ

-(NAVIN)

# CHANDIPURA

રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના અત્યાર સુધીમાં 163 કેસ નોંધાયેલા છે. જ્યારે અત્યાર સુધીમાં 60 જેટલા કેસ પોઝિટીવ મળેલા છે. જ્યારે ચાંદીપુરા વાઇરસને કારણે અત્યાર સુધીમાં 73 દર્દીઓના મોત થયા છે..

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર અત્યાર સુધીમાં સાબરકાંઠામાં અને પંચમહાલમાં સૌથી વધુ 16-16 કેસ મળી આવ્યાં છે. આજદીન સુધી પરિક્ષણ કરવા મોકલેલા શંકાસ્પદ કેસમાંથી 60 કેસ પોઝિટીવ મળી આવ્યાં છે.. હાલમાં સાત દર્દીઓ સારવાર માટે જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ છે જ્યારે અત્યાર સુધીમાં સાજા થયેલા 83 દર્દીઓ સાજા થતા તેમને રજા આપી દેવાઇ છે.

જે સ્થળે કેસ મળી આવ્યાં હોય તેની આસપાસના વિસ્તારના 53 હજારથી વધુ ઘરોની સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે.. તાલુકા કક્ષાએ તમામ કાચા મકાનોમાં મેલેથિયોન પાવડનો છંટકાવ કરાયો છે.

-------------------------------------------------------------------

- પીટીસી-ગાંધીનગર –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# AMIT SHAH – TIRANGA YATRA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિરાટનગરના વિસ્તારોમાં બપોર બાદ યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

દેશમાં રાષ્ટ્રીય ગૌરવ અને એકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી તિંરગા યાત્રા યોજાઇ રહી છે.

. . . . . . . . . . . . . . . . .

YADI, APARNA KHUNT,, SONAL

# DISTRICT TIRANGA YATRA

દરમિયાન ગઈકાલે ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ગઇકાલે નવલખી મેદાન ખાતેથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે આપણે માદક પદાર્થોના દૂષણ સામે મજબૂતાઈથી લડી રહ્યા છીએ, રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં ૮૫૦ કરોડ રૂપિયાના પદાર્થો પોલીસે જપ્ત કર્યા છે.

અમારા પોરબંદર જિલ્લાના પ્રતિનિધી મહેશ લુક્કા જણાવે છે કે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા 'હર ઘર તિરંગા યાત્રા' ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ગાંધી સ્મૃતિ ભવન, કનકાઈ માતાજીના મંદિર ખાતે આજે સવારે હર ઘર તિરંગા યાત્રા' યોજાશે.

અમારા અમરેલી પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે જિલ્લામાં ઠેર-ઠેર તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. જેના ભાગરુપે ગઇકાલે અમરેલી એસ.ટી. સંચાલિત તમામ સાત એસ.ટી. ડેપોમાં તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે 1 કિલોમીટર લંબાઈના રાષ્ટ્રધ્વજ સાથે તેમજ કચ્છના ગાંધીધામ ખાતે ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા યાત્રા યોજાઈ હતી.

કચ્છમાં ગાંધીધામ ઉપરાંત ભચાઉ, મુંદરા અને સહિતના તાલુકાઓમાં તિરંગા યાત્રા યોજાઈ હતી.

આ ઉપરાંત ભરૂચ, વલસાડ, દેવભૂમિ દ્વારકા અને સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં તિરંગા યાત્રા યોજાઇ હતી

---------------------------------------------------------------------

- પીટીસી પોરબંદર, અમરેલી અને ઇન્ફો કરણ

-(NAVIN)

# Narmada dam- laser ray decoration

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે નર્મદાના સરદાર સરોવર ડેમને લેસર કિરણના રંગીન લાઈટ ડેકોરેશનથી સજાવાયો છે. ચાલુ વર્ષે પહેલીવાર નર્મદા ડેમના નવ દરવાજા ખોલી પાણી છોડાતા નર્મદા ડેમ ઓવરફ્લો થયો છે, ત્યારે રાત્રી દરમિયાન ડેમના લાઈટ ડેકોરેશનનું અદભુત દ્રશ્ય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

એક તરફ સરદાર પટેલની પ્રતિમા પર લેશર શો ચાલે છે તો બીજી તરફ નર્મદા ડેમના લાઇટિંગ ડેકોરેશન સાથેનું દ્રશ્ય પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે.

---

- નર્મદા દીપક જગતાપ, કરણ -(NAVIN)

# CBI SENTENCED

ગાંધીનગરની સીબીઆઇની વિશેષ અદાલતે પશ્ચિમ રેલવેના અમદાવાદના તત્કાલિન મદદનીશ નાણાકીય સલાહકાર વિદ્યાસાગર આચાર્યને લાંચના કેસમાં 75 હજાર રૂપિયાના દંડ સાથે 03 વર્ષની કેદની સજા ફટકારી છે.

CBI એ આરોપીઓ વિરુદ્ધ 19 માર્ચ 2008 ના રોજ કેસ નોંધ્યો હતો. જેમાં આરોપીએ ફરિયાદી પાસેથી તેમના દ્વારા કરવામાં આવેલા કામો માટેના બિલ ક્લિયર કરવા માટે 20 હજારની લાંચ માંગી હતી.. 20મી માર્ચ 2008 ના રોજ 20 હજાર રૂપિયાની લાંચ માંગવા અને સ્વીકારવા બદલ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

સીબીઆઈ દ્વારા 29 એપ્રિલ 2009 ના રોજ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

---

- અપર્ણા ખૂંટ – હર્ષલ પંડ્યા -(NAVIN)

# SPORTS AUTHORITY OF GUJARAT

રાજ્ય સરકાર દ્વારા રમતગમતના પ્રતિભાશાળી યુવાનોને પ્રોત્સાહિત કરવામા આવી રહ્યાં છે જે અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજયની ૨૩૦ શાળાઓના ૧ લાખ ૨૦ હજાર ૬૮૦ વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ અને ૧૨ હજાર ૯૩૦ ખેલાડીઓને વિશેષ તાલીમ માટે એકસાથે જોડવામાં આવ્યા છે.

રાજ્યકક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ પ્રોગ્રામ હેઠળ રાજ્યના ૩૧ જિલ્લાની ૪૧ શાળાઓમાં ૫ હજાર ૭૯૬ વિધાર્થીઓને અદ્યતન તાલીમ આપવામાં આવી.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ તમામ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમના નાણાકીય પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવા શિષ્યવૃત્તિ અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી, કૌશલ્ય વર્ધન કેન્દ્રો, સેન્ટર્સ ઓફ એક્સેલન્સ અને નોડલ આઈટીઆઈ જેવા કેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓનું સશક્તિકરણ કરવામાં આવી રહ્યું છે.

---

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા -(NAVIN)

# POST OFFICE 15TH AUGUST

રાજ્યના ટપાલ વિભાગ 15મી ઓગસ્ટે તમામ ગામોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી સેવાઓની માહિતી પૂરી પાડશે. "સરકારી સેવાઓ નાગરિકોને દ્વાર" સુધી લાવવાના લક્ષ્ય પર કેન્દ્રિત ટપાલ વિભાગની આ પહેલ નાણાકીય, વીમા, પેમેન્ટ્સ બેન્ક, ડીબીટી, ઇ-કૉમર્સ અને નિકાસ સેવાઓ અંગે વધુ જાગૃતિ લાવશે એમ ડાક વિભાગે જણાવ્યું છે..

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ગઈકાલે ડાક ચૌપાલ કાર્યક્રમ યોજાઈ ગયો. તેમના હસ્તે પૉસ્ટલ લાઇફ ઇન્શ્યોરન્સ, સુકન્યા સમૃદ્ધિ જેવી પ્રજાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને ચેક વિતરણ તથા મહિલા સન્માન સેવિંગ સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.

"ડાક ચોપાલ" થકી સરકારી કલ્યાણ યોજનાઓ અને તેમનાં ફાયદાઓ જનતાને ડાક કચેરી મારફતે પહોંચાડવામાં આવશે.

-----------------

PTC-GANDHINAGAR-DURGESH MEHTA, PRAVESH, SONAL